# LokKosh – Bhasha ni Aasha

http://lokkosh.gujaratilexicon.com

**LokKosh :Dictionary of the people, for the people and by the people !**

## LokKosh : A Overview

When was the last time you thought about the words you use? Are they original words? Or derived from language? Do they exist in official dictionaries? Words are important as they form the vital tool of any language.

Language is a flowing river! It needs to be updated on a regular basis. Unless the contemporary changes of the environment are accounted, with passage of time we may loose our rich treasure of new and old words. Gujaratilexicon's Lokkosh is the effort to compile the popular and exceptional words of Gujrati language, which are not represented in Gujarati dictionaries. though quite popular. Primer of Lokkosh comprises all the words collected from people. People can exchange and share their Gujarati Language knowledge by contributing words.

**Lokkosh Objective:** everage the expertise and knowledge of common man to create, preserve and enrich Gujarati Dictionary by providing empowering IT tools

### Evolution of Lexicon:

The first attempt for Lexicon in Gujarati was made by Dr. Drumand, as early as in 1808. It was neither a pure Gujarati Dictionary nor was it intended for Gujarati Speaking People. It was a very tiny dictionary of only 463 words giving English equivalents of Gujarati words. It was titled as 'Glossary'. Dictionaries were also attempted in the years 1835, 1841, 1848, 1861, 1873, 1921, 1944

Globally, all the dictionaries including Oxford and Webster are updated frequently. Words like Slumdog, Pluto, Prickshot, Bangalored are already in the English Dictionaries. However, our Gujarati Dictionaries are not updated regularly. Majority of the new words spoken by Gujaratis, language are not represented in most of the Gujarati Dictionaries. Hence, Gujaratilexicon Team conceived and executed an idea called LokKosh.

**LokKosh**

Gujaratilexicon Team has received a lot of feedback to add new words which are being used in day-to-day lives. However, we do not add these words to Gujaratilexicon as Gujaratilexicon represents a standard dictionary approved and accepted by experts. At the same time, we cannot afford to loose the real words being used by Gujaratis across the world. Lokkosh is an attempt to capture the words being used by people in their lives.

Lokkosh may include the words of other languages which are not the part of the Gujarati language

but widely used by them and have become the part of their routine communication.

## LokKosh Features:
✳ People-Driven Project
✳ Recognition of Contributor
✳ Words: Recently Added, Popular, Expert Choice
✳ Word of the Month, Word of the Year
✳ Opening Balance: 51 Words
✳ Attractive & Friendly User Interface
✳ Fully Unicode
✳ Sharing - Email, Print, Social Networking
✳ Keyboard Support, Search, Linkages with GL
✳ Free & Prizes !
✳ Completed In Record Time

## LokKosh Words:
LokKosh will include words from people. These words may different influences as under:

**Influence of Time :**
**Contemporary Words** - Mediamaari
**Ephemeral Words** - Y2K, Sub-Prime, Ground Zero
**Classical Words** - Kantevaado

**Influence of Geography:**
**Kenya** - Sufariya, Bwana, Fagiyo

**Influence of Languages:**
Tension, Ghazal, Ada, Pastry, Bonus, Project

**Influence of Media:**
Movies - Circuit, Jhappi, Bimba
Radio - RJ

**Influence of Global Language:**
T20, Tsunami, Swine Flu, Credit Card, Inflation

## Influence of Technology:
Tweet, Facebook, Scrap, Laptop, Mobile, SMS

## LokKosh includes new Gujarati words such as:

Agracharan, Shrikaar, Naabaad, Mediamaari, Lotpot

## Criteria for Word Addition:
To sustain the richness of Lokkosh, team has strictly followed below mentioned criteria and also request people to follow the same criteria while contributing words to the Lokkosh

- Word Should Have A Clear Meaning
- Word Should Be A Unique Word
- Word Should Not Present in Existing Dictionaries
- Word Should Not Vulgar & Abusive
- Word Could Be Explained With A Example - Usage of Word

Adding word in Lokkosh is now easy and simple. We request you to follow below steps to add word in LokKosh :

- Visti http://lokkosh.gujaratilexicon.com/
- Register your self
- Suggest your word with meaning
- Wait for committee approval
- After modearation you will get mail for approval or disapproval of your word
- If committee approves your word your word with your name published on lokkosh site

You can also see the demo of Lokkosh and how to add word from below given link:
http://lokkosh.gujaratilexicon.com/index.php?action=faq

Participate in Lokkosh contest and win Exciting Prizes. Last date for submission is "30th November 2009".
Prize Details :
- First Prize is of Rs. 2,500
- Second Prize is of Rs. 1,500
- Third Prize is of Rs. 1,000
- 10 Consolation Prize of each Rs. 250

Contest Criteria :
- Eligible for prize after 11 unique words suggestion - No limit for maximum numbers.
- Words should contain appropriate meanings.
- Words should not be abusive and vulgar.

Let us come together and experience the journey of Lokkosh!

Lokkosh Powered By gujaratilexicon

**લોકકોશ – ભાષાની આશા**

http://lokkosh.gujaratilexicon.com

## લોકકોશ :

ગુજરાતીલૅક્સિકોનનો આ 'લોકકોશ', લોકોનો, લોકો માટે અને લોકો વડે બનાવાઈ રહેલો ગુજરાતી ભાષાનો નવીનતમ શબ્દ–ભંડાર છે.

ભાષા વિકાસશીલ અને પરિવર્તનશીલ છે. સમયે સમયે તેમાં નવા શબ્દો વપરાતા અને રૂઢ થતા રહે છે.

શબ્દકોશોમાં તે નવા રૂઢ થયેલા શબ્દો પણ નોંધાતા રહેવા જોઈએ. જો તેમ ન થાય તો ભાષાનો શબ્દભંડાર અવશ્ય સ્થગિત થઈ જાય અને તેટલે અંશે ભાષાનો વિકાસ પણ રૂંધાય. વળી નવા શબ્દો સમય ગાળે વિસરાઈ જવાની શક્યતા પણ ખરી.

ગુજરાતીલેક્સિકોને હાથ ધરેલ 'લોકકોશ'નું ધ્યેય ગુજરાતી ભાષાના માન્ય શબ્દકોશ જેવાકે સાર્થ, બૃહદ કે ભગવદ્ગોમંડલમાં ન નોંધાયા હોય, પરંતુ લોકોના લખાણ-બોલાશમાં સારા એવા પ્રમાણમાં વપરાતા અને આમ રૂઢ થઈ ગયા હોય તેવા શબ્દોને લોકસહકારથી એકત્રિત કરી તેમને 'લોકકોશ' દ્વારા લોકોને ઉપલબ્ધ કરાવવાનું છે. આમ, લોકો પોતાની ભાષાસજ્જતા વધારી ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરી શકશે. ગુજરાતી ભાષા બોલતા-લખતા લોકો પાસેથી તેવા શબ્દો એકઠા કરીને 'લોકકોશ' તૈયાર કરવામાં આવશે. લોકો દ્વારા આ લોકકોશ સમૃદ્ધ બનતો જશે એવી અમને સંપૂર્ણ શ્રદ્ધા છે.

'લોકકોશ'માં નીચે મુજબના વિવિધ શબ્દો એકત્ર કરવાનો પ્રયાસ કરીશું :

૧. સમય પરિવર્તનથી પ્રભાવિત અને રૂઢ થયેલા શબ્દો :

◆ નવા / સમકાલીન શબ્દો : આર્ટ ઑફ લિવિંગ, ઇકો-ફ્રેન્ડલી

◆ જૂના સાહિત્યના શબ્દો : સ્વરફંગોળ

૨. સ્થળ પરિવર્તનથી પ્રભાવિત થયેલા શબ્દો : સ્વાહિલી શબ્દો જેવાકે કિસુ(છરી, ચાકુ), બ્વાના(શ્રીમાન), મદાફ (નાળિયેર પાણી)

૩. વૈશ્વિક ભાષાથી પ્રભાવિત થયેલા શબ્દો :

◆ અંગ્રેજી ભાષાના વપરાશમાં આવેલા શબ્દો જેવા કે : ઓ.કે.

◆ રાજકીય પ્રવાહની અસરથી વપરાશમાં આવેલા શબ્દો જેવા કે: ગુટનિરપેક્ષ

ગુજરાતી ભાષામાં શબ્દકોશના શ્રીગણેશ મંડાયા એક ખ્રિસ્તી પાદરી ડો. ડ્રુમન્ડના હસ્તે, ઈ.સ. ૧૮૦૮માં, આજથી બસો વર્ષ પહેલાં. ડ્રુમન્ડનો તો ટચૂકડો કોશ હતો, જેમાં તેણે ૪૬૩ અંગ્રેજી શબ્દોના અર્થ કે સમજ આપી હતી. તે ગુજરાતી ભાષકો કે ગુજરાતી ભાષા માટે પણ ન હતો. ભારતમાં વેપાર અર્થે આવેલા અંગ્રેજોને ગુજરાતમાં વ્યાપારી પ્રવૃત્તિ કરવામાં સહાય થાય તે હેતુથી આ કોશ રચાયેલો અને મુખ્યત્વે ગુજરાતીઓની વેપારની રીતરસમ, તેનો વેપારઉદ્યોગ અને અગત્યનાં વેપારી મથકોને ખ્યાલમાં રાખી તે બનાવવામાં આવ્યો હતો. ખાસ નોંધપાત્ર હકીકત આ કોશ અંગે એ છે કે તેમાં ગુજરાતી, અંગ્રેજી અને મરાઠી ભાષાનું વ્યાકરણ પણ આપવામાં આવ્યું છે. તેને "ગ્લોસરી" એવું યથાર્થ નામ પણ આપવામાં આવ્યું હતું.

ત્યારબાદ ૧૮૩૫, ૧૮૪૧, ૧૮૪૮, ૧૮૬૧, ૧૮૭૩, ૧૯૨૯, ૧૯૪૪માં પણ શબ્દકોશ બનાવવાના પ્રયત્નો થયા છે. સહુ પ્રથમ ભાષાના કોશ તરીકે શબ્દકોશ બનાવ્યો નર્મદે ઈ.સ. ૧૮૭૩માં. ત્યારબાદ ખાસ જોડણીને લક્ષમાં રાખીને જ કોશ બનાવવામાં આવ્યો ૧૯૨૯માં મહાત્મા ગાંધીજીના આદેશથી અને તે સાચે જ જોડણીકોશ હતો, તેની પ્રથમ આવૃત્તિમાં શબ્દોના અર્થ આપવામાં આવ્યા ન હતા. જોકે તેની બીજી આવૃત્તિથી અર્થ આપવામાં આવ્યા છે. આ શબ્દકોશને સરકાર તેમ જ ગુજરાતી સાહિત્ય પરિષદની માન્યતા મળી છે અને તેથી તે માન્યકોશ છે, અલબત્ત જોડણી માટે.

ત્યારબાદ ગુજરાતી ભાષાને ૧૯૪૪માં માતબર શબ્દકોશ મળ્યો "ભગવદ્ગોમંડલ , જે ગોંડલના મહારાજા ભગવદસિંહજીની પંદર-વીસ વર્ષની મહાઉપાસનાનું ફળ છે. આ શબ્દકોશ સાચે જ ગંજાવર છે. તેનો પ્રથમ ભાગ પ્રસિદ્ધ થયો ૧૯૪૪માં અને નવમો ભાગ પ્રસિદ્ધ થયો ૧૯૫૫માં.

ઑક્સફર્ડના અંગ્રેજી શબ્દકોશમાં સામાન્ય રીતે જે કોઈ નવો શબ્દ અંગ્રેજીમાં પ્રગટ થતા લખાણમાં પાંચ વાર વપરાયો હોય તેને ઑક્સફર્ડ ડિક્શનરીમાં ઉમેરવામાં આવે છે. આવું જ કંઈક ગુજરાતી ભાષા માટે થાય તેમ દરેક ગુજરાતી ઇચ્છે છે. જેમ કે ઑક્સફર્ડ ડિક્શનરીમાં **Pupillometer, Pluto, Prickshot** જેવા અદ્યતન શબ્દો સમાવી લેવામાં આવેલા છે.

જ્યાં સુધી આવી કોઈ વ્યવસ્થા ગુજરાતી ભાષા માટે ન થાય તેમ જ જ્યારે પણ માન્ય ભાષાકોશની નવી આવૃત્તિ થાય ત્યારે નવા રૂઢ થયેલા શબ્દો હાથવગા હોય તે માટે વિચાર આવ્યો કે "લોકકોશ" ઉપક્રમ હાથ ધરીએ અને ગુજરાતી ભાષાના બહોળા સમુદાય સમક્ષ રજૂ કરીએ. ગુજરાતી ભાષાના માન્ય શબ્દકોશ ‘સાર્થ જોડણીકોશ’, ‘બૃહદ ગુજરાતીકોશ’ અને ‘ભગવદ્ગોમંડલ’માં ન હોય પણ ગુજરાતી ભાષા બોલવા લખવામાં વપરાતા હોય તેવા શબ્દો મોકલવા લોકોને જ વિનંતી કરી મેળવીએ અને તેની ચકાસણી કરી સાચે જ વપરાતા શબ્દોનોકોશ કમ્પ્યૂટર પર બનાવીએ. આ શબ્દો લોકો પાસેથી જ મળવાના છે અને નવા શબ્દોનોકોશ પણ લોકો માટે જ બનાવવાનો છે તેથી તેનું નામાભિધાન પણ લોકકોશ રાખવું ઉચિત રહે તેમ લાગ્યું.

ગુજરાતીલૅક્સિકોનને રજૂ કરવામાં શ્રી રતિલાલ ચંદરયાને આશરે ૨૦ વર્ષ કરતાં વધુ સમય લાગ્યો હતો. લૅક્સિકોનની આ સાઇટને વધુ સુસજ્જ અને ઉપયોગી બનાવવામાં ગુજરાતી ભાષાના અસંખ્ય ચાહકોનો સહકાર અને સહયોગ સાંપડ્યો છે અને જેનાથી પ્રેરાઈને તેમણે ભગવદ્ગોમંડલને ડિજિટલાઇઝ કરવાનું બીડું પણ ઝડપ્યું. આ માટે તેમણે તકનિકી વિશેષજ્ઞો, અદ્યતન સાધનો અને યુનિકોડ ફોન્ટની સહાયતા લીધી. આ પ્રયાસ પાછળનો તેમનો એક માત્ર હેતુ દુનિયાના કોઈપણ ખૂણે વસેલા ગુજરાતી ભાષાના ચાહક સુધી ભાષાના આવા અમૂલ્ય ખજાનાનો લાભ પહોંચે, તેની મહત્તા સમજે અને તેમના રોજિંદા જીવનમાં આ શબ્દોનો સરળતાથી સમજપૂર્વકનો તેઓ વપરાશ કરે તે જોવાનો છે.

ગુજરાતીલૅક્સિકોન ટીમને તેના શબ્દ–ચાહકો તરફથી નવા નવા શબ્દોને સમાવવા માટેનાં રોજ રોજ અસંખ્ય પ્રતિભાવો અને સૂચનો મળે છે. આ સૂચનો અને પ્રતિભાવોથી પણ અમને લોકકોશ બનાવવાનો વિચાર આવ્યો અને પ્રેરણા મળી. વળી લોકોનો આ ઉપક્રમને ઉત્સાહભર્યો સાથ મળશે તેવી શ્રદ્ધા પણ જન્મી એટલે 'ગુજરાતીલૅક્સિકોન' ટીમે 'લોકકોશ'ના શ્રી ગણેશ કર્યા. ગુજરાતીલૅક્સિકોન સાઇટ તો માન્ય શબ્દકોશોમાં સમાવાયેલા શબ્દોનો જ સમાવેશ કરતી હોવાથી, આ સાઇટ ઉપર આ નવા શબ્દોને સમાવી શકાય તેમ નથી.

છતાં ગુજરાતીમાં રોજેરોજ વપરાતા આવા શબ્દો વણનોંધાયેલા ન રહી જાય તે માટે, આ શબ્દોને એકત્રિત કરી, તેની ચકાસણી કરી લોકો સમક્ષ 'લોકકોશ' દ્વારા રજૂ કરવાનો આ એક નમ્ર પણ મહત્ત્વાકાંક્ષી પ્રયાસ છે. અમને શ્રદ્ધા છે લોકસહકાર તેને સફળ બનાવશે.

ગુજરાતીઓ દ્વારા વિશાળ પ્રમાણમાં વપરાતા બીજી ભાષાના શબ્દો, જે આપણી રોજબરોજની વાતચીતનો એક હિસ્સો બની ગયા છે તેને પણ લોકકોશ આવકારે છે.

## લોકકોશમાં શબ્દો સૂચવવા માટેનાં માપદંડ

લોકકોશની ગુણવત્તા જાળવવા માટે લોકકોશ ટીમ, નવા શબ્દો ઉમેરવા માટે ચુસ્તતાપૂર્વક નીચે દર્શાવેલાં માપદંડને અનુસરવાનો આગ્રહ રાખે છે અને સૌને  તે માપદંડ અનુસરવાની વિનંતી કરે છે. આ માપદંડ વિશે કોઈ સૂચન હોય તેમાં સુધારા વધારા કરવા જેવું કંઈ લાગે તો તે અવશ્ય આવકાર્ય છે. તેના પર પૂરતી વિચારણા કરી તે અંગે અવશ્ય ઘટતું કરવામાં આવશે.

✓ સાર્થ, બૃહદ અને ભગવદ્ગોમંડલ એ ત્રણ શબ્દકોશમાં ન હોય તેવાં, છતાં ગુજરાતી ભાષામાં લખાતા કે બોલાતા હોય તેવા શબ્દો આવકાર્ય છે

✓ શબ્દ સૂચવનારે ફકત શબ્દો જ નહિ પણ તેના અર્થ પણ જણાવવા અને શક્ય બને તો એ શબ્દો ક્યાં વાંચવામાં કે સાંભળવામાં આવે છે તેય જણાવવું

✓ નવો સૂચવેલ શબ્દ અન્ય ભાષામાંથી આવ્યો હોય અને તે ભાષા કઈ છે તેની જાણ હોય તો તે માહિતી પણ આપવી

✓ કહેવાની જરૂર નથી છતાં સ્પષ્ટતા કરવાની કે  તે શબ્દો અસંસ્કૃત, અપમાનજનક, જાહેરમાં ના બોલાય અને માત્ર ખાનગીમાં જ બોલાય તેવા ગંદા–શિષ્ટભાષામાં અમાન્ય **(Slang)** શબ્દો ન હોવા જોઈએ

## લોકકોશ સાઇટની મુખ્ય લાક્ષણિકતાઓ :

- ✓ તેના મુખ પૃષ્ઠ (હોમ પેજ) ઉપરથી તમે 'લોકકોશ ડેટાબેઝ'ના લોકપ્રિય અને હાલમાં ઉમેરાયેલા શબ્દોની યાદી–માહિતી મેળવી શકશો
- ✓ શબ્દદાતાઓની યાદી અને શબ્દદાતાઓએ અત્યાર સુધીમાં સૂચવેલા શબ્દોની સૂચિ અને સંખ્યા પણ ત્યાં જોઈ શકાશે
- ✓ શબ્દદાતાએ સૂચવેલા શબ્દની સ્વીકૃતિ અંગેનો ઇ-મેલ શબ્દદાતાને પાઠવવામાં આવશે
- ✓ સાઇટ ઉપર સમાવવામાં આવેલ દરેક શબ્દને કોશ વાપરનારાઓએ કેટલી વખત જોયો છે તેની ગણતરી પણ દર્શાવવામાં આવે છે
- ✓ **RSS** ફીડ

- ✓ સમયાંતરે શબ્દ સૂચવવા માટેની સ્પર્ધા પણ યોજવામાં આવશે
- ✓ લોકકોશની વેબસાઇટ સંપૂર્ણપણે યુનિકોડમાં જ રહેશે

આવો, આ ભાષાસેવા યજ્ઞમાં સહભાગી બનો અને અમને તમારાં મૂલ્યવાન પ્રતિભાવો-સૂચનો જણાવો....

**સંપર્ક સ્થળ :**


**Infineon Infotech Pvt. Ltd**
**405–Soham II**
**Near Navrang School Six Road, Navrangpura**
**Ahmedabad – 380009**
**Phone : 079 - 400 49 325**

Email : info@infineoninfotech.com





**ઓળખ : બેઠેલાં** (ડાબેથી) **– પ્રો. પ્રદીપ ખાંડવાળા, શ્રી રતિલાલ ચંદરયા અને ડૉ. નીતાબહેન શાહ**

**ઊભેલાં** (ડાબેથી) **: સુમૈયા વોહરા, પદ્મા જાદવ, મૈત્રી શાહ, શ્રુતિ અમીન, દેવલ વ્યાસ અને અશોક કરણિયા**

**ઓક્ટોબર ૨૭, ૨૦૦૯ 'લોકકોશ'ના લોકાર્પણ ટાણે, અમદાવાદ**

A Special Supplement for our Dear Readers of 'Sunday eMahefil'...October 30, 2009